૩૭૨

નાગરિક સહકારી બેંકો(ફડચા બેંકો સિવાયના)ના
બિનઉપજાઉ અસ્ક્યામતો બાકીની વસુલાત અંગે
છેવટના સમાધાનની (વન ટાઈમ સેટલમેન્ટ)
યોજના બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: નસબ-૨૦૦૧-આર-૯૮-ચ(૯૬)
સચિવાલય,ગાંધીનગર
તા.૧૩-૦૯-૨૦૧૨

GUCB Fed.
27 SEP 2012
Inward No. 1865

વંચાણે લીધો:-

સહકાર કમિશ્નર અને રજીસ્ટ્રારશ્રી,સહકારી મંડળીઓ,ગુજરાત રાજય,ગાંધીનગરના તા.૧૧-૦૯-૨૦૧૨ના પત્ર ક્રમાંક: નસબ/૦૧/ઝ-૯/૨૧૦૮/૨૦૧૨.

આમુખ:-

નાગરિક સહકારી બેંકો(ફડચા બેંકો સિવાયની)ના કિસ્સાઓમાં બીનઉપજાઉ અસ્ક્યામતો બાકીની વસુલાત અંગે છેવટના સમાધાન (વન ટાઈમ સેટલમેન્ટ) માટેની ગાઈડલાઈન્સ મંજૂર કરવાની દરખાસ્ત સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ધ્વારા આમુખમાં દર્શાવેલ તા.૧૧-૯-૨૦૧૨ના પત્રથી દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જે દરખાસ્તને રાજ્ય સરકારશ્રી ધ્વારા મંજૂરી આપવાની રહેતી હોઈ, તે મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર, સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ધ્વારા નાગરિક સહકારી બેંકો(ફડચા બેંકો સિવાયની)ના કિસ્સાઓમાં બીનઉપજાઉ અસ્ક્યામતો બાકીની વસુલાત અંગે છેવટના સમાધાન (વન ટાઈમ સેટલમેન્ટ) માટેની ગાઈડલાઈન્સ માટેની દરખાસ્તને નીચે ઉલ્લેખ કરવામાં શરતો અને ધોરણોને ધ્યાને લઈને અમલમાં મુકવાનું આથી ઠરાવે છે.

(૧) યોજનાનું કાર્યક્ષેત્ર:

રાજયની ફડચા બેંકો સિવાયની ચાલુ નાગરિક સહકારી બેંકો પોતાના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં આ યોજના મંજૂર કરાવી અમલમાં મુકી શકાશે.

(૨) કયા પ્રકારના ધિરાણનો સમાવેશ આ યોજનામાં થઈ શકશે:

(૨)(૧)(એ) તમામ પ્રકારના ધિરાણ (સીકયોર્ડ તેમજ અનસિકયોર્ડ) કે જેમાં લોન, એડવાન્સ અને ક્રેડિટ ફેસીલીટીનો સમાવેશ થશે તે પૈકી જે એન.પી.એ થયેલા હોય તેવા ધિરાણનો સમાવેશ થશે.
(બી) ધિરાણ એટલે બેંક ધ્વારા કરજદારને આપવામાં આવેલ તમામ પ્રકારની લોન,એડવાન્સીસ તથા ક્રેડિટ ફેસીલીટી, બેંક ગેરંટીનો સમાવેશ કરવાનો રહેશે.
(૨)(૨) બેંક ધ્વારા SARFAESI Act હેઠળ તેમજ અન્ય કોર્ટોમાં વસુલાત માટે દાખલ કરાયેલા દાવા કે થયેલ હુકમનામા કે જપ્તીની કાર્યવાહી થયેલ તેવા તમામ પ્રકારના ધિરાણનો સમાવેશ આ યોજનામાં કરી શકાશે.

(૩) ધિરાણની રકમની મર્યાદા:-

બેંકના એન.પી.એ. થયેલ કોઈ પણ લેણા રકમની મર્યાદાને ધ્યાને લીધા વગર આવા તમામ લેણાનો સમાવેશ આ યોજનામાં કરી શકાશે.

(૪) વસુલાપાત્ર રકમ નક્કી કરવાની અને ભરપાઈ કરવાની પદ્ધતિ:

(૪)(૧) વસુલાતપાત્ર લેણાની રકમ ગણતરી માટે તા.૩૧-૦૩-૨૦૧૧ કે તે અગાઉની તારીખે જે ધિરાણ ખાતુ એન.પી.એ. થયેલ હોય તે તારીખે મુદલ અને વ્યાજ મળી કુલ રકમ બાકી હોય તે એકંદરે બાકી રકમ વસુલાતપાત્ર ગણાશે. જેમાં દંડનીય વ્યાજ તથા અન્ય ખર્ચની રકમનો સમાવેશ કરવામાં આવશે નહિં તેમજ એન.પી.એ થયા બાદ આવેલ વસુલાતની રકમ પણ બાદ કર્યા પછી જે રકમ બાકી રહે તે રકમ વસુલપાત્ર થાય. જો વધુ રકમ ભરપાઈ થયેલ હશે તો કરજદાર રકમ પરત મેળવવા હકકદાર રહેશે નહીં.

(૪)(૨) આ યોજના મુજબ ૧૦ % વાર્ષિક સાદું વ્યાજ એન.પી.એ. થયેલ તારીખથી વસુલાત તારીખ સુધી અથવા મંજૂરી પત્રમાં દર્શાવેલ વ્યાજ એ બે પૈકી ઓછું હોય તે વ્યાજના દરે સાદું વ્યાજ ગણત્રી કરી વ્યાજ આકારવાનું રહેશે. અર્થાત વાર્ષિક ૧૦% સાદા વ્યાજની ગણત્રી માટે કટ ઓફ ડેટ ખાતું એન.પી.એ. થયા તારીખ ગણાશે.

(૪)(૩) જો કોઈ બાકીદાર ભરવાપાત્ર રકમ એકી સાથે ભરપાઈ કરવામાં અસમર્થ હોય તો આવા બાકીદારની રકમ ભરવાની ક્ષમતા અને માંગણીને ધ્યાને લઈ અને ભરપાઈ કરવાની થતી રકમના કદને ધ્યાને લઈ નીચે મુજબની વિગતે હપ્તા કરી આપી શકાશે. આવી બાકી રહેતી રકમ ઉપર દરેક હપ્તા સાથે ૧૦% વાર્ષિક સાદું વ્યાજ લેવાનું રહેશે.

| ક્રમ નં. | સમાધાન મુજબ ભરવાની થતી રકમ | સમાધાન સમયે ભરપાઈ કરવાની રકમના ટકા | ભરપાઈ કરવાની મુદત |
|---|---|---|---|
| ૧ | રૂા.૫.૦૦ લાખથી ઓછી રકમ | ૨૫% | ૧૨ માસ, માસિક હપ્તા |
| ૨ | રૂા.૫.૦૦ લાખથી રૂા.૧૦.૦૦ લાખની રકમ | ૨૦% | ૧૮ માસ, માસિક હપ્તા |
| ૩ | રૂા.૧૦.૦૦ લાખથી રૂા.૨૫.૦૦ લાખની રકમ | ૧૫% | ૨૪ માસ, માસિક હપ્તા |
| ૪ | રૂા.૨૫.૦૦ લાખથી વધુ રકમ | ૧૫% | ૩૦ માસ, માસિક હપ્તા |

(૪)(૩)(૧) જે કિસ્સામાં વસુલપાત્ર રકમ ભરપાઈ કરવાની મુદત ૧૨ માસ કરતા વધારે સમયની છે તે કિસ્સામાં ભરપાઈ કરવાની રકમ સાથે પર્યાપ્ત માત્રામાં સિકયોરીટી બેંકને આપવામાં આવેલ ન હોય તે કિસ્સામાં વધારાની સિકયોરીટી બાકીદારે આપવાની રહેશે.

(૪)(૩)(૨) આ પ્રમાણે નકકી થયેલ રકમ ભરપાઈ કરવામાં બાકીદાર નિષ્ફળ જશે તો આ યોજનાની રાહતો આપોઆપ રદ થશે અને બેંક આવા બાકીદાર સામે લોન કરાર મુજબની રકમ નિયમાનુસાર કાર્યવાહી કરવાની બેંકને સત્તા રહેશે.

(૪)(૩)(૩) આ યોજના મુજબ હપ્તા કરેલ રકમોની વસુલાત હપ્તાની મુદત પહેલા પણ ભરપાઈ કરી શકાશે અને આવી રકમો પર ચુકવણીની તારીખ સુધીનું જ વ્યાજ વસુલ કરવામાં આવશે.

(૫) આ યોજના તા.૩૧-૦૩-૨૦૧૧ અથવા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ઈન્સ્પેકશન અહેવાલ મુજબની તારીખે એન.પી.એ. થયેલ લેણા માટે જ અમલમાં મુકવાની હોઈ, બેંકે ખાતું એન.પી.એ. તરીકે વર્ગીકૃત થયેલ હોવું જોઈશે. આ યોજનામાં ફક્ત વ્યાજ અને અન્ય ખર્ચની બાબતે રાહત આપવાની હોઈ અને બેંકે આવા લેણા ઉપર આકારેલ વ્યાજની નિયમ મુજબ જોગવાઈ કરેલ હોવાથી બેંકે આર્થિક સ્થિતિમાં મોટો આર્થિક બોજો વહન કરવાનો થશે નહીં.

<u>(૬) અરજીઓની ચકાસણી અને મંજૂર કરવા અંગેના અધિકાર નકકી કરવા બાબત:</u>

(૬)(૧) આ યોજનાના બાકીદાર લાભાર્થીએ અરજી ધિરાણ કરનાર કે લોન ખાતું જયાં રાખવામાં આવેલ હોય તે શાખા/કચેરીએ રજૂ કરવાની રહેશે. અને તેમાં રકમ ભરપાઈ કરવા બાબતોની વિગતો દર્શાવેલી હોવી જોઈશે.

(૬)(૨) આ અરજીઓ ચકાસણી કરી ભલામણ સાથે જે તે શાખા ધ્વારા મુખ્ય કચેરીએ રજૂ કરવાની રહેશે.

(૫)(૩) મુખ્ય કચેરી ધ્વારા આવી કચેરી ધ્વારા આવી અરજીઓ ચકાસણી કરી મંજૂરી માટે બોર્ડ ઓફ ડિરેકટર્સે નિયુકત કરેલ કમિટિ કે સબ કમિટિને રજૂ કરવાની રહેશે અથવા બોર્ડ પોતે મંજૂર કરી શકશે.

(૬)(૪) કમિટિ કે સબ કમિટિએ આવી અરજીઓ ચકાસણી કરી યોજનાની મર્યાદામાં મંજૂર કરવાની રહેશે.

<u>(૭) ખાતું સેટલ કરવા બાબત:</u>

આ રીતે યોજનામાં નકકી થયેલ પુરેપુરી રકમ વસુલ થયા બાદ જતી કરવાની રકમો, બેંક ધ્વારા જોગવાઈ કરેલ વ્યાજ અનામત અને અથવા ખરાબ તેમજ શકમંદ લેણા અનામત ખાતામાં હવાલા કરી ખાતું સેટલ કરવાનું રહેશે.

<u>(૮) યોજનાનો સમયગાળો:</u>

આ યોજના મંજૂરીની તારીખથી નાગરિક સહકારી બેંકની અનુકૂળતા મુજબ બે વર્ષ કે તેથી ઓછા સમય માટે અમલમાં મુકી શકાશે.

(૯) આ યોજનાનો અમલ સંપુર્ણ રીતે પારદર્શી અને પક્ષપાતરહિત કરવાનો રહેશે.

(૧૦) એન.પી.એ. થયેલ ખાતું અને તારીખ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ધ્વારા થયેલ ઈન્સ્પેકશન રીપોર્ટમાં જણાવ્યા મુજબ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.એમ.શેઠવાલા)
ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્ર ધ્વારા)
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.સચિવાલય,ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી/રાક.મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી(તમામ)
સચિવાલયના તમામ વિભાગો
સહકાર કમિશ્નરશ્રી અને રજીષ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ,ગુજરાત રાજય,ગાંધીનગર.
તમા[illegible]ઓને જાણ કરવાની વિનંતીસહ.
ચેરમેનશ્રી/ચીફ એ[illegible]ટીવ ઓફીસરશ્રી, ગુજરાત અર્બન કો-ઓપરેશન બેન્કસ ફેડરેશન,કો-ઓપરેટીવ બેન્ક ભવન,જયહિંદ પ્રેસની બાજુમાં,આશ્રમરોડ, અમદાવાદ.
સેકશન અધિકારીશ્રી, ક,ખ, ગ અને છ શાખા, કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સિલેકટ ફાઈલ/શાખા ફાઈલ/નાયબ સેકશન અધિકારી ફાઈલ.